ISSN: 2319-202X

# પૂજ્ય મોટા અને રંગ અવધૂતના શૈક્ષણિક વિચારોનો અભ્યાસ

**ડૉ. જ્ઞાનેશ બ. ગોડબોલે**
આસીસ્ટન્ટ પ્રોફેસર, શ્રી સાર્વજનિક કૉલેજ ઓફ એજ્યુકેશન, ગોધરા
મો:–9427985398 ઈ મેઈલ:–gbgodbole939@gmail.com

શિક્ષણ જીવનઘડતર માટે અતિ આવશ્યક છે. સામાજિક અને સાંસ્કૃતિક વારસાનું સંક્રમણ શિક્ષણથી સારી રીતે થઈ શકે. સાંપ્રત સમયમાં વ્યક્તિ અને વ્યક્તિ અને સમૂહજીવનની સમસ્યાઓ વધતી જણાય છે. શિક્ષિત વ્યક્તિ પાસે અક્ષરજ્ઞાન હોય છે પણ કેળવાયેલો ન હોવાનું જણાય છે. તેથી શિક્ષિત હોવા છતાં સમસ્યાનું સમાધાન કરી શકતો નથી. કાલેલકર(૧૯૬૦)1 નોંધે છે કે, "આ દેશને અંગ્રેજી રાજ્યે ભારે નુકશાન કર્યું હોય તો તેણે શિક્ષણ ધર્મનો નાશ કર્યો છે." આજે શિક્ષણને વિદ્યાર્થીના ઘડતર કરતાં પરિણામને આધારે મૂલવવામાં આવે છે. શિક્ષણની સાથે રહેલા મૂલ્યની દરકાર ઓછી રખાય છે અથવા રાખતી નથી. શું વર્તમાન શિક્ષણ વ્યક્તિને ઉજમાળો નથી બનાવતું?

સાચું શિક્ષણ કોને કહેવાય? 20મી સદીના ગુજરાતના પૂજ્ય મોટા અને રંગ અવધૂત ધાર્મિક, આધ્યાત્મિક, સામાજિક, વ્યક્તિલક્ષી, રાષ્ટ્રીય ચેતનાને સંકોરતા, ઉજાગર કરતા સમકાલીન મહાનુભાવો છે. બંને શાળેય શિક્ષક રહ્યા બાદ લોકજીવનના શિક્ષક બન્યા હતા. શ્રી મોટા(1947)2ના મતે, 'ભલે ચોસઠ કળા જાણી છતાં, જીવનતણી સાચી; કળા જો જાણી ના તો તો, બધું એનું જ બાકી છે." જ્યારે રંગ અવધૂત(2006)3 નોંધે છે, " અમારી દ્રષ્ટિએ શિક્ષણ એ જેટલું શાસ્ત્ર છે તેથી વધારે કળા છે, અને કળા તો જેમ વધારે કેળવીએ તેમ વધારે ખીલી નીકળે." આમ, બંને ચિંતકો જીવનકલાના ઉપાસક છે. આ બન્ને વ્યક્તિજીવન અને સમાજજીવન ઉત્થાનના ચિંતકો છે. બંને ચિંતકોએ પોતપોતાની રીતે વ્યક્તિ અને સમાજજીવનને ઉજમાળો બનાવવાનો ભગીરથ પ્રયત્ન કર્યો છે. મૂળ શિક્ષકનો જીવ ધરાવતા બંને ચિંતકોએ જે અનુભવ્યું છે તેને નિ:સ્વાર્થ લોકહિતાર્થે વહેચ્યું છે, કોઈ પણ પ્રકારની ખેવના સેવ્યા વગર. બંને ધર્મનિષ્ઠ વ્યક્તિઓએ શિષ્ય પરંપરા (ગાદી પરંપરા) ઉભી કરી નથી, પરંપરાપોષક અને જ્યાં પરંપરા યોગ્ય લાગી નથી ત્યાં પરંપરાભંજક બન્યા છે. આમ, બંને ચિંતકો પૂર્ણત: રૂઢીવાદી રહ્યાં નથી. તેમનામાં જીવમાત્રની સેવા કરવાનો ધર્મ કેન્દ્રસ્થાને જણાય છે. બંને મૂલ્યનિષ્ઠ અને નિસ્પૃહી. બંને પોતાના આશ્રમમાં સંપત્તિના વહીવટમાં ટ્રસ્ટી તરીકે રહ્યા નથી. વ્યક્તિજીવન અને સમૂહજીવનના આચારનું પરિમાર્જન કરનારા, અલગારી વ્યક્તિત્વ ધરાવતા આ બંને લોકશિક્ષકોના શિક્ષણ વિશેના વિચારો તપાસવા આ અભ્યાસ હાથ ધર્યો છે.

**ચાવીરૂપ શબ્દો:–**

**પૂજ્ય મોટા:–** 4 સપ્ટેમ્બર, 1898ના રોજ હાલના વડોદરા જિલ્લાના સાવલીમાં જન્મ થયો હતો. ચુનીલાલ આશ્રમ ભગતનું પ્રાથમિક શિક્ષણ કાલોલ, મેટ્રિકનું શિક્ષણ પેટલાદમાં થયું હતું. ત્યારબાદ વડોદરામાં કૉલેજ શિક્ષણનો ત્યાગ કરી ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદ ખાતે સ્નાતક થવા માટેના છેવટના બે ત્રણ વર્ષ અભ્યાસ ત્યાગી ગાંધીજી ચીંધેલ કાર્યોમાં જોડાયા. ગુજરાતી ભાષાના મૂર્ધન્ય સાહિત્યકાર શ્રી ર. વ. દેસાઈ(2008)4 'પ્રણામપ્રલાપ'ની પ્રસ્તાવનામાં નોંધે છે, "...એક સાચા મૂક સમાજસેવક અને પ્રભુભક્ત તરીકે તેઓ વિકસ્યા...ગાંધી પ્રવૃત્તિએ ગુજરાતને શુદ્ધ કંચનની કણકે બંધાયેલા–ઘડાયેલા પુરુષો આપ્યા છે. શ્રી રવિશંકર મહારાજ કે પરીક્ષિતલાલ એમાં સહજ યાદ આવે એમ છે. તેમની યાદીમાં શ્રી ચુનીલાલ(શ્રીમોટા)ને હું મૂકું છું." ઈ.સ. 1939માં આત્મસાક્ષાત્કાર થતા ગાંધીજી પ્રેરિત કાર્યો છોડી વ્યક્તિજીવન અને સમાજજીવન ઉર્ધ્વગામી બનાવવા અનેક કાર્યોને શરુ કર્યા, વેગ મળ્યો. પેટલીકર, ભટ્ટ અને મહેતા(1987)5 નોંધે છે કે, 'શ્રીમોટા એક જ વાત કરે છે–મારે સમાજને બેઠો કરવો છે...." ખેર(1996)6 નોંધે છે કે, ".... આવા સંક્રાંતિકાળમાં, આપત્તિકાળમાં શિક્ષણ જગતને યોગ્ય દિશા દોર મળી રહે તે અર્થે આજીવન ભેખધારી આ વિરલ સંતનો આત્મા ગુજરાતની ધરતી પર એક ખૂણેથી બીજા ખૂણે ઘૂમતો રહ્યો અને શિક્ષણ જગતમાં નવા ચીલા ચાતરી યત્કિંચિત માત્રામાં પણ પ્રાણ પૂરવાની, તેને પુનર્જીવન પ્રદાન કરવાની જીવનભર મથામણ કરી હતી." આ ચિંતકે ઈ.સ. 23 જુલાઈ, 1976ના રોજ સ્વેચ્છાએ દેહ છોડ્યો.

**રંગ અવધૂત:–** 21 નવેમ્બર, 21મી નવેમ્બર, 1898 ના રોજ ગુજરાતના પંચમહાલ જિલ્લાના ગોધરા નગરમાં જન્મ થયો હતો. મેટ્રિક સુધીનું શિક્ષણ ગોધરામાં થયું હતું. ત્યારબાદ વડોદરામાં કૉલેજ શિક્ષણનો ત્યાગ કરી ગૂજરાત વિદ્યાપીઠ, અમદાવાદથી ઈ.સ. 1921માં સ્નાતક થયા, ગાંધીજી પ્રેરિત કાર્યોમાં જોડાય. કેટલાક લોકોની કથની–કરણીમાં ભેદ જોયો; ગાંધીજી પ્રેરિત કાર્યો છોડયા. ઈ.સ. 1925માં સ્વ સાક્ષાત્કાર માટે નારેશ્વર સાધના કરી. આત્મસાક્ષાત્કાર થતા દત્તભક્તિના માધ્યમથી લોકશિક્ષણ માટે અનેક કાર્યો કર્યા. જોષી(2005)7એ નોધ્યું છે કે, પૂજ્યશ્રી મોટાના મતે, ...એમનામાં જે દૈવત હતું એનો લાભ આપના ગુજરાતે લીધો નહિ.....અમારા સંસ્કૃતના પ્રાધ્યાપક કરતાં પણ એમની પ્રતિભા વધુ તેજસ્વી. એ શીઘ્રકવિ હતા...એ શરીરે મહારાષ્ટ્રીય હતા પણ ગુજરાતી ભાષા ઉપર તેમનો ભારે કાબૂ હતો.....એમની શક્તિ વિષે કઈંક કહેવું એ મારા જેવાની શક્તિ બહારનું છે." રંગ અવધૂતે 'નારેશ્વર'ને લોકશિક્ષણનું કેન્દ્ર બનાવ્યું હતું. ઉત્સવઉજવણી વિષે એક પત્રમાં રંગ અવધૂત(2007)8 લખે છે, "ગરુકૃપાથી એમની જીવનશુદ્ધિ તથા સંસ્કારશુદ્ધિ થઈ રહી છે.....તેથી ઉત્સવ પણ એક તાલીમ કેન્દ્ર જ બની રહે છે." અનેક લોકસંગ્રહાત્મક પ્રવૃત્તિ કરનાર રંગ અવધૂતે જોષી(1998)9 સાથે રમૂજ

કરતાં કહ્યું હતું કે, "કૉલેજમાં તારે બે–ત્રણ પિરિયડ લેવાના, મારે તો આખો દિવસ. તારે મર્યાદિત વિદ્યાર્થીઓ અને મારે તો અસંખ્ય. રવિવારની કે Casual Leave નહિ. વેકેશન નહિ, પગાર નહિ, પેન્શન નહિ અને એમ આખો દિવસ હંમેશ ચાલ્યા જ કરે." આમ, રંગ અવધૂતે નારેશ્વરને જંગમ વિદ્યાપીઠ બનાવી હતી અને તેઓ આચાર્ય હતા. તેમણે સ્વેચ્છાએ ઈ.સ. 19 નવેમ્બર, 1968ના રોજ હરિદ્વાર ખાતે દેહોત્સર્ગ કર્યો.

**શૈક્ષણિક વિચારો:–** જેનાથી વ્યક્તિજીવન અને સમાજજીવન પરિવર્તન અને પરિમાર્જન થાય પરિણામે વ્યક્તિ અને સમાજનું ઉર્ધ્વીકરણ થાય. આમ, વ્યક્તિ અને સમાજ જીવનને ઉન્નત બનાવવાની પ્રક્રિયા એટલે શિક્ષણ. અહીં શૈક્ષણિક વિચારોમાં શિક્ષણ, શિક્ષણનો હેતુ, શિક્ષણની પ્રયુક્તિઓ–પદ્ધતિઓ, શિસ્ત, શિક્ષક, વિદ્યાર્થી, શિક્ષક – વિદ્યાર્થી સંબંધનો સમાવેશ થાય છે.

**અભ્યાસના હેતુ:**

1. આ અભ્યાસન હેતુઓ આ મુજબ છે.
2. પૂજ્ય મોટા અને રંગ અવધૂતના શિક્ષણ અંગેના વિચારો જાણવા.
3. પૂજ્ય મોટા અને રંગ અવધૂતના વિચારોમાં શિક્ષણના હેતુઓ તપાસવા.
4. પૂજ્ય મોટા અને રંગ અવધૂતની શિક્ષણની પ્રયુક્તિઓ–પદ્ધતિઓ જાણવી.
5. પૂજ્ય મોટા અને રંગ અવધૂતના શિક્ષણમાં શિસ્ત અંગેના વિચારોનો અભ્યાસ કરવો.
6. પૂજ્ય મોટા અને રંગ અવધૂતના શિક્ષક વિશેના વિચારો તપાસવા.
7. પૂજ્ય મોટા અને રંગ અવધૂતના વિદ્યાર્થી વિશેના વિચારો જાણવા.
8. પૂજ્ય મોટા અને રંગ અવધૂતના મતે શિક્ષક –વિદ્યાર્થી સંબંધના સંબંધોના વિચારો તપાસવા.

**વ્યાપવિશ્વ અને નમૂનો:–**

આ અભ્યાસમાં પૂજ્ય મોટા અને રંગ અવધૂતના પુસ્તકો અને પ્રવચનોનો સમાવેશ થાય છે તથા તેમના વિચારોનું સંકલન–સંપાદન થયેલાં સાહિત્યનો પણ સમાવેશ થાય છે.

**સંશોધન પદ્ધતિ**

સંશોધન માટે સંબંધિત પુસ્તકોનો અભાસ કર્યો. હેતુઓને અનુરૂપ વિચાર એકમો એકત્રિત કરી તેનું વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. આ સંશોધનમાં પુસ્તકાલય પદ્ધતિનો અને વિષયવસ્તુ વિશ્લેષણ પદ્ધતિ ઉપયોગ કરવામાં આવ્યો હતો.

**તારણો:–**

1. પૂજ્ય મોટા 'જીવનતણી સાચી કળા' શીખવાના હિમાયતી છે અને રંગ અવધૂત 'શિક્ષણ એ જેટલું શાસ્ત્ર છે તેથી વધારે કળા છે અને કળા તો જેમ વધારે કેળવીએ તેમ વધારે ખીલી નીકળે.' એમ માને છે. વ્યક્તિએ શિક્ષણ થકી જીવનનું સમાર્જન

કરવાનું છે, વ્યક્તિએ જીવન ખીલવવાનું છે. શિક્ષણરૂપી કળા દ્વારા જ્ઞાન પર ચઢેલા અજ્ઞાનનું આવરણ ખસેડવાનું છે., જેથી અંતરદ્વાર ખુલે. બંને લોકશિક્ષકો માણસ સારો માનવી બની 'સ્વ'ને પિછાણવાની કળા વિકસાવે એ જરૂરી હોવાનું છે.

2. પૂજ્ય મોટા મને છે કે, અનુભવનું જ્ઞાન જીવનના વ્યવહારમાંથી કેળવવાનું છે તે મેળવવાનું છે. જયારે રંગ અવધૂત અનુભવને મહત્ત્વ આપતાં કહે છે કે, 'એક કણ અનુભવ હજારો ખાંડી અભ્યાસ કરતાં પણ વધારે કિંમતી છે.' બંને ચિંતકોના માટે શિક્ષણ પ્રક્રિયામાં અનુભવ અગત્યનો છે. અનુભવથી પ્રગટતુ જ્ઞાન વ્યક્તિએ આચરણમાં મૂકી પોતાનો ઉત્કર્ષ સાધવાનો છે.
3. પૂજ્ય મોટા વિકસેલા જીવન માટે ગુણભાવના અગત્યના માને છે. ભણતરને 'મોટું ભૂત' કહેનાર રંગ અવધૂત એકબીજામાં સાચા દેવત્વની ભાવના પ્રગટાવે, એકબીજા માટે સહાનુભૂતિ અને આદરની જ્યોત જગાવે તેને સાચું ભણતર માને છે. આમ, બંને ચિંતકો ગુણ–મૂલ્યોના હિમાયતી છે.
4. પૂજ્ય મોટા 'વિના ચારિત્ર્ય અભ્યાસ, અભ્યાસ ખપનો ન તે' ગણાવે છે. જયારે રંગ અવધૂત સદ્–વિદ્યાને તમામ પ્રકારની સંપત્તિ ગણાવે છે. વિદ્યા એટલે એકલું જ્ઞાન જ નહિ પણ સારા સંસ્કાર વિકાસનો પાયો એ વિદ્યા ઉપર હોવાનું તેઓ માને છે. આ બંનેના વિચારમાં વ્યક્તિનો ચારિત્ર્યવિકાસ સહજ અભિપ્રેત છે.
5. પૂજ્ય મોટાના મતે શિક્ષણનો હેતુ મૂલ્યનો વિકાસ, ચારિત્ર્યનિર્માણ અને સ્વસાક્ષાત્કારનો છે જ્યારે રંગ અવધૂતના મતે વિદ્યાર્થીના શારીરિક, માનસિક, નૈતિક, આધ્યાત્મિક વિકાસ અને આત્મસાક્ષાત્કારનો હોવો જોઈએ. ટૂંકમાં, બંને ચિંતકોના મતે શિક્ષણનો હેતુ જીવનવિકાસલક્ષી હોવો જોઈએ.
6. પૂજ્ય મોટા નીરીક્ષિત અભ્યાસ પદ્ધતિ અને પ્રયોગપદ્ધતિના સમર્થક હતા. મૌનમંદિરના પ્રયોગમાં સ્વાધ્યાય પદ્ધતિ જણાય છે. તેઓ વિદ્યાર્થી સ્વયં અનુભવ લઈ જીવનઘડતર કરે તેવું માનતા હતા. જ્યારે રંગ અવધૂતે લોકશિક્ષણાર્થે ગાન, પ્રવચન, પ્રશ્નોત્તરી, ઉત્સવોની ઉજવણી, સ્તોત્રોના પાઠ, ગ્રંથોના પારાયણ વગેરે પદ્ધતિઓ અને પ્રયુક્તિઓનો ઉપયોગ કર્યો હતો તેમજ સ્વાધ્યાય, નીરીક્ષિત અભ્યાસ પદ્ધતિ અને પ્રયોગપદ્ધતિના હિમાયતી હતા.
7. પૂજ્ય મોટા વિદ્યાર્થીઓમાં સ્વયંશિસ્ત અને દ્રઢ મનોબળ વિકસે તેના હિમાયતી હતા જ્યારે રંગ અવધૂતના મતે સદાચાર, સુટેવો, શિસ્ત અને સંસ્કાર શિક્ષણ દ્વારા વિકસવા જોઈએ. તેમણે ઉત્સવોની ઉજવણી, સ્તોત્રોના પાઠ અને ગ્રંથોના પારાયણ દ્વારા લોકજીવનને શિસ્ત તથા સંસ્કાર સહજ સીંચન કર્યું હતું.
8. પૂજ્ય મોટા વ્યક્તિમાં ગુણ ભાવનાના વિકાસને અગત્યનું માને છે સાથોસાથ જ્ઞાન મનમાં ઉતારવા એક ધ્યાન થવાનું વિદ્યાર્થીઓને સૂચવે છે. રંગ અવધૂત ભાવવિકાસ સાધવા તથા મન એકાગ્ર કરવા પ્રાર્થનાને જરૂરી માને છે.

9. પૂજ્ય મોટાના વિદ્યાર્થીઓને પ્રેમથી વશ કરવાના હિમાયતી છે, તેઓ શિક્ષકને દ્રષ્ટા થવાનું સૂચવે છેપૂજ્ય મોટાના મતે શિક્ષક શુદ્ધ આચરણવાળો, વિષયનિષ્ણાત અને બાળ મનોવિજ્ઞાનનો જ્ઞાતા હોવો જોઈએ. જ્યારે રંગ અવધૂત શિક્ષક કર્તવ્યનિષ્ઠ, સંસ્કારી, પ્રયોગશીલ અને જ્ઞાનપિપાસુ હોવો જરૂરી માને છે.
10. પૂજ્ય મોટા વિદ્યાર્થીઓને ચારિત્ર્યગઠન કરવા જણાવે છે, તેઓ વિદ્યાર્થીઓને આશાવાદી બની મહેનતુ થવા સૂચવે છે. રંગ અવધૂત વિદ્યાર્થીઓને ઉદ્યમશીલ, સંયમી, ચારિત્ર્યવાન અને સંસ્કારી થવા સૂચવે છે.
11. પૂજ્ય મોટાના માટે શિક્ષક વિદ્યાર્થી વચ્ચે મોટાભાઈ–નાનાભાઈજેવો સંબંધ હોવો જોઈએ. જ્યારે રંગ અવધૂત શિક્ષક –વિદ્યાર્થીઓના પરસ્પર સ્નેહને આવશ્યક માને છે, તેઓએ **'छात्र देवो भव'** ઉક્તિ ચરિતાર્થ કરી છે.

**સમાપન:–**

વર્તમાન સમયમાં જીવનલક્ષી શિક્ષણ કરતાં આજીવિકાલક્ષી શિક્ષણને વધારે મહત્વ આપી રહ્યું છે પરિણામે વ્યક્તિ અને સમાજની સમસ્યાઓ વધી છે. પૂજ્ય મોટા અને રંગ અવધૂત જીવનલક્ષી શિક્ષણના હિમાયતી છે. વિદ્યાર્થીઓમાં સૈદ્ધાંતિકજ્ઞાન સાથે પ્રાયોગિક–અનુભવજન્ય જ્ઞાન જરૂરી આજે સાર્થક કરવાની જરૂર છે. વ્યક્તિ અને સમાજમાં મૂલ્યોનો હ્રાસ થયો છે, જે ચિંતાજનક અને દુ:ખદ છે, આ માટે શું શિક્ષણ જવાબદાર તો નથી ને? આવા ચિંતકોનું ચિંતન વર્તમાનપ્રવાહને લક્ષમાં રાખી શિક્ષણમાં લાવવાનું વ્યક્તિ અને સમાજના ઉજ્જવળ ભવિષ્ય માટે સાર્થક થશે.

## સંદર્ભસૂચિ

કાલેલકર કાકાસાહેબ(1960). શિક્ષણ અને સંસ્કૃતિ. અમદાવાદ : નવજીવન પ્રકાશન મંદિર.

શ્રી મોટા(2008). પ્રણામપ્રલાપ. સુરત : હરી ૐૐ આશ્રમ પ્રકાશન.

રંગ અવધૂત(2006). ગીર્વાણભાષા પ્રવેશ. નારેશ્વર : શ્રી અવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ.

શ્રી મોટા(2008). પ્રણામપ્રલાપ. સુરત : હરી ૐૐ આશ્રમ પ્રકાશન.

પેટલીકર, ભટ્ટ અને મહેતા(1987). પૂજ્ય શ્રીમોટા : જીવન અને કાર્ય. મુંબઈ : આર. આર. શેઠની કું.

ખેર ઉષાબેન(1996). શરરી મોટાનું શિક્ષણદર્શન. વલ્લભવિદ્યાનગર : સરદાર પટેલ યુનિવર્સિટી.

જોષી ધીરુભાઈ અને દવે સુભાષ(સં.)(2005). શરણાગતનો તારણહાર. અમદાવાદ: શ્રી રંગ ચેરિટેબલ ટ્રસ્ટ.

રંગ અવધૂત(2007). શ્રી રંગપત્રમંજૂષા. નારેશ્વર : શ્રી અવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ.

જોષી દેવદત્ત(1998). રંગ સત્સંગ. નારેશ્વર : શ્રી અવધૂત સાહિત્ય પ્રકાશન ટ્રસ્ટ.